અપીલ અરજી નં.૫૯/૦૮–૦૯ તા. ૧૬–૬–૦૮

અરજદારઃ શ્રી નટવરભાઈ નાગરભાઈ જાદવ
સામાવાળાઃ(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)
(૨)ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)

## હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નટવરભાઈ નાગરભાઈ જાદવની તા.૨૫–૪–૦૮ની અરજીથી સેનેટરી સબ ઈન્સ્પેકટરની પ્રમોશનલ પરીક્ષાઓ ભરતી, રોસ્ટર,પ્રમોશન મેરીટ અને મૌખિક ઈન્ટરવ્યુ બાબતેના નિયમોની જોગવાઈઓની વિગેરે માહિતી માંગતી અરજી બાબત

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૬–૬–૦૮ ની અપીલ અરજી નં.૫૯/૦૮–૦૯

શ્રી નટવરભાઈ નાગરભાઈ જાદવની તા.૨૫–૪–૦૮ની અરજીથી સેનેટરી સબ ઈન્સ્પેકટરની પ્રમોશનલ પરીક્ષાઓ ભરતી, રોસ્ટર,પ્રમોશન મેરીટ અને મૌખિક ઈન્ટરવ્યુ બાબતેના નિયમોની જોગવાઈઓની વિગેરે માહિતી માંગતી અરજી સંદર્ભે ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૪,૭ અને૮ બાબતે નં.જીએડી/ઈએસટી/આ.નં.૨૩૦ તા.૩૦–૫–૦૮ થી આપેલ માહિતી માંગ્યા મુજબની માહિતી આપેલ નથી તેમજ ડે.કમિશ્નર(૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧,૨,૩,૫ અને ૬ બાબતે નં.જીએડી/ઈએસટી/નં.૫૦૬ તા.૯–૫–૦૮ થી માંગ્યા મુજબની માહિતીની જગ્યાએ ખોટી માહિતી આપેલ છે જેનાથી નારાજ થઈ તા.૧૬–૬–૦૮ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ/ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૬ તા.૨૧–૬–૦૮ ના રોજ ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી તથા ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અનુક્રમે જીએડી/ઈએસટી/આ/૩૪૨ તા.૧–૭–૦૮ થી પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ. જયારે મહેકમ વિભાગ તરફથી જાવક નં. જીએડી/ઈએસટી/૧૧૮૧ તા.૨૫–૬–૦૮ થી માહિતી પૂરી પાડેલ છે. જેમાં કોઈ વિશેષ માહિતી જણાતી નથી.

અરજદાર તરફથી ૧૯૯૨ થી આજ દિન સુધી કેટલીવાર સેનેટરી સબ ઈન્સ્પેકટરની પ્રમોશનલ પરીક્ષાઓ લેવામાં આવી અને તે સમયના અમલમાં નિયમો, ત્યારથી આજ દિન સુધી પ્રમોશનલ આપી હોય તેવા ઉમેદવારોની યાદી પસંદગી પામેલા ઉમેદવારોની યાદી, એસ.એસ.આઈ. ના મેરીટમાં કયા ગુણ ધ્યાને લેવામાં આવે છે, ભરતી અને ઈન્ટરવ્યુના નિયમો, એસ.એસ.આઈ. ના પ્રમોશનલમાં ફરજ ઉપર ચાલુ હોય તેવા ઉમેદવારો માટે મનપા ધ્વારા થયેલ ઠરાવ, વિગેરે વિગતો અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાતી નથી. જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી એસ.એસ.આઈની ૧૯૯૧ પછીની જાહેરાત આપ્યાની તારીખની માહિતી અત્રે પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૫–૪–૦૮ની અરજીથી માંગ્યા મુજબ પૈકી નહીં પૂરી પાડેલ દફતરી હકીકતલક્ષી માહિતી કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મેહકમ) ને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી,રીક્રુટમેન્ટ ..... જાણ તથા અમલ માટે.
(૨)ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)...... જાણ તથા અમલ માટે.
(૩)શ્રી નટવરભાઈ નાગરભાઈ જાદવ,